# હેલ્થ એન્ડ સેફ્ટીના કાયદાના નવા પોસ્ટરમાં તમારે કઈ વિગતો મૂકવી જરૂરી છે? (What details do you need to put on the new health and safety law poster?)

હેલ્થ એન્ડ સેફ્ટી લો પોસ્ટરમાં ત્રણ વિભાગો આપવામાં આવેલા છે જે ભરવા જરૂરી છે.

તે આ છે:

### કર્મચારીઓ-કામદારોના પ્રતિનિધિ(ઓ) Employee Representative(s)

આ ખાનું પ્રતિનિધિ માટે છે, જેમને કામદારો દ્વારા સેફ્ટી રેપ્રેઝન્ટેટિવ્ઝ એન્ડ સેફ્ટી કમિટિ રેગ્યુલેશન્સ 1977 (જો કામની જગ્યાએ ટ્રેડ યૂનિયન હોય તો) અથવા કન્સલ્ટેશન વિથ એમ્પ્લોઈ રેગ્યુલેશન્સ 1999 (જો ટ્રેડ યૂનિયન ન હોય તો) હેઠળ નીમવામાં/ચૂંટવામાં આવ્યાં હોય છે. જો કામદારો દ્વારા કોઈને નીમવામાં/ચૂંટવામાં ન આવ્યાં હોય અને એમ્પ્લોયર સીધા જ કામદારો સાથે સલાહમસલત કરતા હોય, તો આ ખાનું ખાલી રાખવાનું છે.

- **Consulting employees on health and safety : a guide to the law – મફત પત્રિકા**

### વહીવટકારો (મેનેજમેન્ટ)ના પ્રતિનિધિ

આ ખાનું એમ્પ્લોયર દ્વારા આરોગ્ય અને સુરક્ષા માટે નીમવામાં આવેલી વ્યક્તિ (દા.ત. હેલ્થ એન્ડ સેફ્ટી ઓફિસર) માટે છે. મેનેજમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક રેગ્યુલેશન્સ 1999નો રેગ્યુલેશન 7 જણાવે છે કે, ''દરેક એમ્પ્લોયરે, રેગ્યુલેશનો દ્વારા તેની ઉપર મૂકવામાં આવેલી ફરજોનું પાલન કરવા માટે લેવાં જરૂરી પગલાં લેવામાં તેની મદદ કરવા માટે એક અથવા વધારે કુશળ વ્યક્તિઓ નીમવી જોઈએ.'' ધંધાના કદ અને બંધારણના આધારે, અને જો એમ્પ્લોયર પાસે સંબંધિત તાલીમ અને અનુભવ હોય તો છેવટે આ વ્યક્તિ એમ્પેલોયર પોતે હોઈ શકે.

### અમલ કરાવનારી ઓથોરિટી

આરોગ્ય અને સુરક્ષા માટે અમલ કરાવનારી તમારી ઓથોરિટી, તમે કયા પ્રકારનો ધંધો કરો છો તેની પર આધારિત છે. તમારી અમલ કરાવનારી ઓથોરિટી કોણ છે તેનો નિર્ણય કરવા માટે, તમને કેવા પ્રકારની કામની જગ્યાએ નોકરી મળી છે તેનો વિચાર કરવાનો રહેશે. એચ.એસ.ઈ. ફેક્ટરીઓ, બાંધકામનાં સ્થળો, ખાણો, ખેતરો, મેળાના મેદાનો, ક્વોરીઓ, રેઈલવે, રાસાયણિક પ્લાન્ટ, ઓફશોર અને ન્યૂક્લિયર ઈન્સ્ટોલેશનો, સ્કૂલો અને હોસ્પિટલો જેવાં સ્થળોએ અમલ કરાવે છે.

- **એચ.એસ.ઈ.નાં બધાં પ્રાંતોનો નક્શો/યાદી**

**લોકલ ઓથોરિટી** અમુક સ્થળો, જેમ કે છૂટક વેપારી સ્થળો, અમુક વેરહાઉસો, મોટા ભાગની ઓફિસો, હોટેલો અને કેટરિંગ, રમતગમત, મનોરંજનનાં સ્થાનો, ગ્રાહક સેવાઓ અને પૂજા-પાઠનાં સ્થળો ઉપર અમલ કરાવે છે. તમારી લોકલ ઓથોરિટીની વિગતો તમારી સ્થાનિક ટેલિફોન ડિરેક્ટરીમાંથી મળી શકશે અથવા તમે કઈ કાઉન્સિલના વિસ્તારમાં રહો છો તે અમને કહેશો તો અમે તમને તેમનો ટેલિફોન નંબર આપી શકીએ છીએ.

### એમ્પ્લોયમેન્ટ મેડિકલ એડવાઈઝરી સર્વિસ (ઈ.એમ.એ.એસ.)

ઈ.એમ.એ.એસ.ના વિભાગો સ્થાનિક એચ.એસ.ઈ.ની ઓફિસોમાં આવેલા છે, જો કે કેટલીક નાની એરિયા ઓફિસોમાં આ વિભાગો નથી.